સરકારી પત્ર
સેન્ટ્રલ ઓફિસ
(રજીસ્ટ્રી બ્રાંચ)
ઈન્વર્ડ નં.: 4424
તા. 20/12/2024

**વર્ષ ૨૦૨૪-૨૫ : રાજ્ય તથા જિલ્લા કક્ષાએ યોગ એવોર્ડની રકમ તથા પસંદગી સમિતિ બાબત.**

# ગુજરાત સરકાર

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,**

**ઠરાવ ક્રમાંક : SYCAD/MRT/e-file/19/2024/0945/D(PYKKA Cell)**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૧૭.૧૨.૨૦૨૪**

આસી.મ્યુનિ.કમિશ્નર (ટેક્નીકલ)
દક્ષિણ પશ્ચિમ ઝોન, અ.મ્યુ.કોર્પો.
ઈન્વર્ડ/આઉટવર્ડ નં. 395
તા. 23/12/2024

કોમ્પ્યુટર વિભાગ
ઇ.નં./આ.નં. 3151
તા. 24/12/24

**વંચાણે લીધા :**

(૧) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: એસએજી/૨૦૧૮૧૯/૧૭૨૬/બ.

(૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૦૬/૦૫/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: યસપ/૧૦૨૦૨૨/૨૬/પાયકા.

(૩) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૦૬/૦૨/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: યસપ/૧૦૨૦૨૩/૮૭/પાયકા.

(૪) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો તા.૧૩/૦૮/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:ગયબ/યોગએવોર્ડ/૨૦૨૪/૫૯૩.

**પ્રસ્તાવના :**

રાજ્યમાં યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે તથા જન સમુદાયમાં યોગ અંગે જાગૃતિ ફેલાવવા તથા યોગ પ્રવૃત્તિઓના વિકાસ માટે વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી "ગુજરાત રાજ્ય યોગ બોર્ડ" ની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી વર્ષો દરમિયાન ૭૫૦ થી ૧,૦૦૦ જેટલા યોગ કોચ તથા ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ યોગ ટ્રેનરો તૈયાર કરવાનું આયોજન છે. પ્રવર્તમાન ૫,૦૦૦ યોગ વર્ગોને ૧૨,૫૦૦ યોગ વર્ગો સુધી લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ હોઈ, રાજ્ય સ્તરે અને જિલ્લા સ્તરે સ્પર્ધા યોજવા અને એવોર્ડના વિતરણ અંગે વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ઠરાવથી સને ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ આ એવોર્ડ આપવા માટે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના ઠરાવથી સમિતિની રચના કરવામાં આવેલ છે. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના પત્રથી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૦૬/૦૨/૨૦૨૩ ના ઠરાવથી નિયત થયેલ પુરસ્કાર/એવોર્ડની સંખ્યા તથા રકમમાં સુધારા કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સ્તરે અને જિલ્લા સ્તરે એવોર્ડના વિતરણ માટે વંચાણે લીધેલ ક્રમ-(૩)પરના તા.૦૬/૦૨/૨૦૨૩ ના ઠરાવથી નિયત થયેલ પુરસ્કાર/એવોર્ડની રકમમાં નિમ્નલિખિત વિગતે સુધારા કરવા આથી ઠરાવવામાં આવે છે:

| ક્રમ | કેટેગરી | એવોર્ડની સંખ્યા | પુરસ્કારની રકમ |
|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ યોગ કોઓર્ડીનેટર- રાજ્ય કક્ષા | ૦૫ | રૂ. ૨૧,૦૦૦/- |
| ૨ | શ્રેષ્ઠ યોગ કોચ – જિલ્લા કક્ષા | ૩૩ | રૂ. ૭,૫૦૦/- |
| ૩ | શ્રેષ્ઠ યોગ ટ્રેનર – જિલ્લા કક્ષા | ૩૩ | રૂ. ૫,૧૦૦/- |

**(૧) એવોર્ડ વિતરણ :** ઉપર્યુક્ત કોષ્ટકની વિગતે યોગ એવોર્ડ ચાલુ વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ આપવામાં આવશે. યોગ એવોર્ડના ઉદ્દેશ, વર્ણન તથા પાત્રતા અને અન્ય સામાન્ય શરતો નિમ્નલિખિત વિગતે છે:

**(૧.૧) એવોર્ડનો ઉદ્દેશ:** વધુમાં વધુ લોકો સુધી યોગ પહોંચે અને લોકોમાં યોગ અંગે જાગૃત્તિ આવે તથા શ્રેષ્ઠ કામગીરી કરનારને પ્રોત્સાહન મળે તે મૂળભુત હેતુ છે.

**(૧.૨) એવોર્ડનું વર્ણન:** આ એવોર્ડ કુલ ૦૩(ત્રણ) કેટેગરીમાં આપવામાં આવશે. જે તે કેટેગરીમાં પોતાનું યોગ પ્રત્યેના ઉત્કૃષ્ટ યોગદાન બદલ વ્યક્તિગત શ્રેણીમાં આપવામાં આવશે.

**(૧.૩) વ્યક્તિગત પુરસ્કાર:** મેડલ, પ્રમાણપત્ર અને પુરસ્કારની રકમ જે તે કેટેગરીવાઈઝ આપવામાં આવશે.

**(૨) પાત્રતાની શરતો:**

(૨.૧) તે/તેણી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલ હોવો જોઈએ અને યોગ કોચ તથા યોગ ટ્રેનર તરીકેનું સર્ટીફીકેટ ધરાવતો હોવો જોઈએ.

(૨.૨) નોમિનેશન સમયે તેણે/તેણીએ ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષમાં યોગમાં યોગદાન આપેલું હોવું જોઈએ.

(૨.૩) ઉંમરની પાત્રતા બાબતે કોઇ બાધ નથી, કોઈપણ ઉંમરની વ્યક્તિ અરજી કરી શકશે.

(૨.૪) આ એવોર્ડ કેટેગરીવાઈઝ આજીવન માત્ર એક જ વાર મળવાપાત્ર રહેશે.

(૨.૫) સહભાગીએ તેમની સાથે ચોક્કસ અને અદ્યતન કરેલ પ્રોફાઈલ (બાયોડેટા) પુરાવા સાથે જમા કરાવવા આવશ્યક છે.

(૨.૬) અરજી કરતી વખતે નામ, ફોટો, સરનામું અને ફોન નંબર જેવી વિગતો અને છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા કામના ફોટોગ્રાફ સાથેના નક્કર પુરાવાઓ સામેલ રાખવાના રહેશે. અધૂરી માહિતીવાળી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**(૩) અરજી કરવા બાબત:**

(૩.૧) આ એવોર્ડ માટે કેટેગરી વાઈઝ ઉત્કૃષ્ટ કામગીરીના ફોટોગ્રાફ અને લખાણ સાથેના વધુમાં વધુ પાંચ પાનાના પુરાવા સાથેનો એક પાનાનો બાયોડેટા સંબંધિત જિલ્લાના કલેક્ટરશ્રીને સુપ્રત કરવાનો રહેશે.

(૩.૨) પસંદગી સમિતિને સુઓ–મોટો પસંદગી કરવાની સત્તા આપવામાં આવશે.

(૩.૩) સહાયક દસ્તાવેજો સાથેની અરજી નિર્ધારિત સમયમાં મોકવી આવશ્યક છે.

(૩.૪) અરજી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકીની કોઈપણ ભાષામાં કરવાની રહેશે.

(૩.૫) કોઈ પણ એક જ કેટેગરીમાં ભાગ લઈ શકાશે. એકથી વધુ કેટેગરીમાં ભાગ લેનાર સહભાગીની તમામ અરજીઓ રદ કરવામાં આવશે.

**(૪) એવોર્ડ/પુરસ્કારોની પસંદગી**

**(૪.૧) જિલ્લા કક્ષાની પસંદગી/સ્ક્રીનીંગ સમિતિઃ**

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની અધ્યક્ષતામાં ૭ સભ્યોની જિલ્લા કક્ષાની નીચે મુજબની સ્ક્રીનીંગ સમિતિ રહેશે. સદરહુ સમિતિ જિલ્લા કક્ષાના એક યોગ કોચ તથા એક યોગ ટ્રેનરની પસંદગી કરશે તથા રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ યોગ કોર્ડીનેટરશ્રીના એવોર્ડના સ્ક્રીનીંગ માટેની તમામ અરજીઓની તપાસ કરશે અને સંબંધિત જિલ્લામાંથી યોગ કોર્ડીનેટરશ્રીના એક નામની દરખાસ્ત રાજ્ય પસંદગી સમિતિને કરશે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૩) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪) | જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૮) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્યશ્રી |

**(૪.૨) રાજ્ય કક્ષાની પસંદગી સમિતિઃ**

જિલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા સ્ક્રીનીંગ બાદ પસંદગી કરેલ નામો પરત્વે વિચારણા તથા તે પૈકી અંતિમ પસંદગી રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. એવોર્ડ અંગેની તમામ સત્તા રાજ્યકક્ષાની સમિતિના અધ્યક્ષશ્રીની રહેશે અને તેઓનો નિર્ણય આખરી ગણાશે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી (રમતગમત અને યુવક સેવા) | અધ્યક્ષશ્રી |
| ૨) | અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૩) | અગ્ર સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | સભ્યશ્રી |
| ૪) | સંયુક્ત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | સભ્યશ્રી |
| ૫) | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી | સભ્યશ્રી |
| ૬) | ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ | સભ્ય સચિવશ્રી |

**(૫) એવોર્ડ વિતરણ :**

(૫.૧) શ્રેષ્ઠ યોગ કોર્ડીનેટર માટેના યોગ એવોર્ડ કાર્યક્રમ રાજ્ય કક્ષાના ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવશે. જેમાં પુરસ્કાર મેળવનારને વ્યક્તિગત રીતે એવોર્ડ મેળવવા માટે આમંત્રિત કરવામાં આવશે. પુરસ્કાર મેળવનારને તથા તેની સાથે આવનાર એક વ્યક્તિને ટી.એ., ડી.એ., આપવામાં આવશે અને તેમના રહેવાની વ્યવસ્થા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કરવામાં આવશે. પ્રોત્સાહક રકમ ડી.બી.ટી. પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૫.૨) શ્રેષ્ઠ યોગ કોચ અને શ્રેષ્ઠ યોગ ટ્રેનરના યોગ એવોર્ડ જિલ્લા કક્ષાએ વહીવટી તંત્ર દ્વારા આપવાના રહેશે.

**(૬)** સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ પુરસ્કારો માટે જરૂરી ભંડોળ અને તેને લગતા તમામ ખર્ચ વિભાગના તા.૦૬/૦૫/૨૦૨૨ ના ઠરાવમાં દર્શાવ્યા મુજબની જોગવાઇઓની મર્યાદામાં કરવાનો રહેશે.

**(૭)** વિવાદના કિસ્સામાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો નિર્ણય અંતિમ રહેશે અને તમામ સંબંધિતોને બંધનકર્તા રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૦૮/૧૧/૨૦૨૪ ની નોંધ તથા સરકારશ્રીની તા.૦૯/૧૨/૨૦૨૪ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનિલ સલુજા)
ઉપસચિવ (સાં.પ્ર.)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

**પ્રતિ,**

૧. માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(રમતગમત અને યુવક સેવા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. નાણા સલાહકારશ્રી(રમતગમત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ઈ-વીંગ, બ્લોક નં.૩, ચોથો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
૬. જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
૭. તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
૮. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૯. તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ.
૧૦. તમામ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
૧૧. તમામ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીઓ.
૧૨. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ઈ-વીંગ, બ્લોક નં.૩, ચોથો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
૧૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૧૪. નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૬. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
૧૭. સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૮. તમામ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીઓ
૧૯. તમામ જિલ્લા રમતગમત અધિકારીશ્રીઓ
૨૦. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/શાખા સિલેક્ટ ફાઈલ.
૨૧. સિસ્ટમ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)